# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 19-09-2026** **EVENING: 7.10 TO 7.20**
**DAY : SATURDAY** **REGIONAL NEWS**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

*****************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 20મા રોજગાર મેળામાં નવનિયુક્ત યુવાનોને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 51 હજારથી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કર્યું**
2) **રેલવે મંત્રાલયે ઉધના-ઉકાઈ સોનગઢ સેક્શન પર 133 કરોડ રૂપિયાના ખર્ચે ચાર માર્ગીય રોડ ઓવર બ્રિજને મંજૂરી આપી**
3) **રાજ્યની દરેક આંગણવાડીમાં મહિલા સભ્યોની 'આંગણવાડી વ્યવસ્થાપન સમિતિ' રચવામાં આવશે**
4) **અંતરિયાળ આદિજાતિ વિસ્તારોમાં 89 નવી અદ્યતન ઇમરજન્સી એમ્બ્યુલન્સ કાર્યરત કરાશે**
5) **'સ્વચ્છ સાગર સુરક્ષિત સાગર' ઝુંબેશ હેઠળ રાજ્યના વિવિધ દરિયાકાંઠે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું**
6) **સુરત ખાતે યોજાયેલી રાજ્ય કક્ષાની બેડમિન્ટન સ્પર્ધામાં મહેસાણા ખેલાડીઓએ 8 ચંદ્રક જીત્યા**

----------------------------

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# REV DAY PM-ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે 20મા રોજગાર મેળામાં વિવિધ સરકારી સંસ્થાઓમાં નવનિયુક્ત યુવાનોને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 51 હજારથી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કર્યું. આ પ્રસંગે , શ્રી મોદીએ કહ્યું કે તાજેતરના વર્ષોમાં , કેન્દ્ર સરકારે યુવાનોને ભવિષ્ય માટે તૈયાર કરવા માટે જરૂરી કૌશલ્યો અને તકોથી સજ્જ કરવા પર સતત ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેમણે કહ્યું કે સરકારનો પ્રયાસ એ પણ છે કે દેશના યુવાનોનું શિક્ષણ અને કૌશલ્ય બદલાતી અર્થવ્યવસ્થાની જરૂરિયાતો સાથે સુમેળ રાખે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ભારત આજે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ માળખું છે.

## (BYTE: PM-ECO-SYSTEM)

***"भारत आज दुनिया का तीसरा सबसे बड़ा स्टार्टअप इकोसिस्टम है और भारत की स्टार्टअप स्टोरी अब केवल बड़े शहरों की कहानी नहीं है। आज करीब आधे रिकॉग्नाइज्ड स्टार्टअप्स टियर टू और टियर थ्री शहरों में हैं। यानी आज गांव, कस्बे और छोटे शहर का युवा भी भारत की नई इकोनॉमी में अपनी भूमिका बड़ी बना रहा है।"***

નવા ભરતી થયેલા ઉમેદવારો ભારત સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં જોડાશે , જેમાં નાણાં મંત્રાલય , રેલવે, ગૃહ મંત્રાલય , આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને સંરક્ષણ મંત્રાલયનો સમાવેશ થાય છે. 20મો રોજગાર મેળો દેશભરમાં 45 સ્થળોએ યોજાયો. અમદાવાદમાં યોજાયેલા રોજગાર મેળામાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા ઉપસ્થિત રહ્યા. દરમિયાન 267 યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કરાયું હોવાનું તેમણે જણાવ્યું.

## (BYTE: NIMUBEN BAMBHANIA, UNION MINISTER OF STATE)

***"देश भर में 45 स्थलों पर से 51,000 युवाओं को नियुक्ति पत्र दिए गए हैं, जिसमें हजारों युवाओं को सरकारी सेवा में शामिल होने का अवसर मिला है। अहमदाबाद में आज 267 युवाओं को नियुक्ति पत्र दिए गए हैं, उसमें 72 महिलाएं हैं और दो दिव्यांग उम्मीदवार भी शामिल हैं।"***

# RAILWAY-UDHNA UKAI SECTION

રેલવે મંત્રાલયે પશ્ચિમ રેલવેના ઉધના-ઉકાઈ સોનગઢ સેક્શન પર 133 કરોડ રૂપિયાના ખર્ચે ચાર માર્ગીય રોડ ઓવર બ્રિજને મંજૂરી આપી. રેલવે મંત્રાલયે જણાવ્યું હતું કે પુલના ભાગમાં ઓપન વેબ ગર્ડર હશે, જેનો અંદાજિત ખર્ચ 91 કરોડ રૂપિયાથી વધુ હશે. કામનો કુલ ખર્ચ ભારતીય રેલ્વે અને રાજ્ય સરકાર વચ્ચે વહેંચવામાં આવશે. ચાર-લેન રોડ ઓવર બ્રિજનું નિર્માણ રોડ ટ્રાફિકની અવરજવરને વધુ સુગમ બનાવશે, જેથી રેલવે કામગીરીમાં થતો વિક્ષેપ ઘટી જશે. આ બ્રિજ ઉધના-ઉકાઈ સોનગઢ સેક્શન પર વધુ સુરક્ષિત અને વધુ કાર્યક્ષમ રેલવે અવરજવરમાં યોગદાન આપશે, જેનાથી સુધારેલી સંચાલન કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા દ્વારા મુસાફરોને લાભ થશે.

# AANGANVADI COMMITTEE

રાજ્યની દરેક આંગણવાડીમાં મહિલા સભ્યોની 'આંગણવાડી વ્યવસ્થાપન સમિતિ' રચવામાં આવશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ આંગણવાડી સેવાઓમાં સમુદાયની વ્યાપક ભાગીદારી વધારવાની સાથે પોષણ , આરોગ્ય, પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણની ગુણવત્તા , પારદર્શિતા અને જવાબદારીને મજબૂત બનાવવા રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. જેનાથી સમુદાયની સીધી ભાગીદારીથી પોષણ, આરોગ્ય અને પ્રારંભિક બાળ શિક્ષણને નવી ઊંચાઈ મળશે. આ સમિતિમાં માતાઓ, આશા કાર્યકર, આંગણવાડી કાર્યકર, મહિલા શિક્ષિકા અને સ્વસહાય જૂથની સભ્ય સહિત મહિલાઓ જ રહેશે. સમિતિની દર બે મહિને બેઠક યોજી સેવાઓની ગુણવત્તા, પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરાશે.

# NEW AMBULANCE

રાજ્યના અંતરિયાળ આદિજાતિ વિસ્તારોમાં રાજ્ય સરકાર દ્વારા 89 નવી અદ્યતન ઇમરજન્સી એમ્બ્યુલન્સ કાર્યરત કરવામાં આવશે. આ વિસ્તારોમાં ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવાનો પ્રતિભાવ સમય ઘટાડવા આ નિર્ણય લેવાયો છે જેનાથી અંતરિયાળ વિસ્તારો માટે વધુ અસરકારક અને સુદૃઢ આરોગ્ય સેવાઓ સુનિશ્ચિત થશે. ઇમરજન્સી સેવાઓ અને સુવિધાઓમાં સતત સુધારા સાથે તમામ નાગરિકો માટે ઝડપી અને વિશ્વસનીય સ્વાસ્થ્ય સેવાઓ સુનિશ્ચિત કરવા તરફ રાજ્ય સરકાર અગ્રેસર છે.

# SWACHCH SAGAR SURAKSHIT SAGAR

આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠા સ્વચ્છતા દિવસ 2026ના પ્રસંગે , 'સ્વચ્છ સાગર સુરક્ષિત સાગર' ઝુંબેશ હેઠળ રાજ્યના વિવિધ દરિયાકાંઠે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું. ત્યારે ભાવનગર જિલ્લાના કોળિયાક બીચ પર નિષ્કલંક મહાદેવ ખાતે બીચ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરાયું. જેમાં રેલી અને વિવિધ પોસ્ટરો દ્વારા બીચને સ્વચ્છ રાખવા , દરિયાને પ્લાસ્ટિક મુક્ત રાખવા અને દરિયાઈ પર્યાવરણનું રક્ષણ કરવાનો સંદેશ અપાયો.

અમરેલી જિલ્લાના જાફરાબાદ સ્થિત શંખેશ્વર બીચ ખાતે વિદ્યાર્થીઓએ દરિયાને સ્વચ્છ રાખવામાં પોતાનું યોગદાન આપવા શપથ લીધા હતા. પોરબંદરમાં પણ સમુદ્ર કિનારા સફાઈ અભિયાન હાથ ધરાયું. જ્યારે કચ્છ જિલ્લાના માંડવી બીચ પરથી અંદાજે 190 કિલો જેટલો દરિયાઈ કચરો એકત્રિત કરવામાં આવ્યો.

કેન્દ્રશાસિત પ્રદેશ દિવના વણાંકબારા સ્થિત ગોમતીમાતા બીચ ખાતે પણ 'સ્વચ્છ સાગર, સુરક્ષિત સાગર' અભિયાન અંતર્ગત સફાઈ ઝુંબેશ અને જાગૃતિ રેલી યોજાઈ.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# NAVSARI PATIL

**કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે આજે નવસારી જિલ્લાના ચિખલીમાં 46 કરોડના ખર્ચે, 100 બેડની અત્યાધુનિક પેટા જિલ્લા હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે આ હોસ્પિટલમાં આયુષમાન ભારત યોજના હેઠળ નિષ્ણાત સંભાળ, ઓપરેશન થિયેટર, ડાયાલિસિસ સેન્ટર અને વિના મૂલ્યે દવાઓ આપવામાં આવશે.**

**(BYTE: C.R. PATIL, UNION MINISTER FOR JAL SHAKTI)**

***“આજે નવસારી જિલ્લાના ચીખલી ગામમાં ચીખલી રેફરલ હોસ્પિટલની જે નવી બિલ્ડિંગ અને એના તમામ સાધનો સાથે ઇમરજન્સી વોર્ડ અદ્યતન વોર્ડ સાથેની આખી વ્યવસ્થા એનું લોકાર્પણ કરવામાં આવ્યું છે અને એના દ્વારા આ વિસ્તારના લોકોને સારી સારવાર મળે અને એ લોકો સરસ સાજા થાય એવી શુભેચ્છા સાથે હું આ ચીખલી રેફરલ હોસ્પિટલ સાથે જોડાયેલા તમામ સફાઈ કર્મીઓ, નર્સિંગ સ્ટાફ, ડોક્ટર્સ અને બાકીના લોકોને સૌને હું ખૂબ ખૂબ શુભેચ્છા પણ પાઠવું છું.”***

# SEVA SANKALP ABHIYAN

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં હાલોલ સ્થિત પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટી ખાતે પ્રાકૃતિક કૃષિ સંવાદ યોજાયો. આ પ્રસંગે શ્રી સંઘવીએ સૌ ખેડૂતોને ઓછામાં ઓછી 25 મિનિટ શ્રમદાન કરવા આહ્વાન કર્યું. તો સેવા સંકલ્પ અંતર્ગત યોજાયેલી બાઇક રેલીના પ્રવાસ દરમિયાન શ્રી સંઘવીએ સેવા યાત્રીઓ સાથે પંચમહાલ જિલ્લાના ઘોઘંબા બસ સ્ટેશન ખાતે સ્વચ્છતા શ્રમદાન કર્યું.

તો આજે શ્રમ કૌશલ્ય વિકાસ મંત્રી કુંવરજી બાવળીયાએ વડનગરથી વારાણસી બાઈક યાત્રાનો ખેડા જિલ્લાના માતર થી પ્રારંભ કરાવ્યો. સાબરકાંઠા જિલ્લામાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત પદયાત્રીઓની સુવિધા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ સ્થળોએ વિશેષ વ્યવસ્થાઓ સાથે સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું. જેમાં જિલ્લાની 1 હજાર 500 શાળાઓ સહભાગી બની. તો સિલવાસા ખાતે રાખોલીમાં ત્રિ-દિવસીય નિઃશુલ્ક આંખ તપાસ કેમ્પ યોજાયો. ડાંગ જિલ્લાના ચિકાર ગામે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલના હસ્તે 8 ગામોના કુલ 52 જેટલાં લાભાર્થી ખેડૂતોને કૃષિ કીટ વિતરણ કરવામાં આવી.

છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્ર રાઠવાના અધ્યક્ષસ્થાને શ્રમદાન અને સફાઈ ઝુંબેશ યોજાઈ.

# MEHSANA BADMINTON

સુરત ખાતે યોજાયેલી રાજ્ય કક્ષાની બેડમિન્ટન સ્પર્ધામાં મહેસાણા ખેલાડીઓએ 8 ચંદ્રક જીત્યા છે. અંડર 19 ભાઈઓની સિંગલ સ્પર્ધામાં રોહન સોલંકી એ કાંસ્ય ચંદ્રક મેળવ્યો. તો મિક્સ ડબલમાં રજત ચંદ્રક જીત્યો હતો. અંડર 17 બહેનોની સિંગલ્સ સ્પર્ધામાં દિયા પનીકરે કાંસ્ય , ડબલ્સમાં સુવર્ણ અને મિક્સ ડબલ્સમાં કાંસ્ય ચંદ્રક જીતીને ત્રણ સિદ્ધિ મેળવી હતી. અંડર 19માં બહેનોની સિંગલ્સમાં નિત્યા કોટાઈએ કાંસ્ય તેમજ મિક્સ ડબલ્સમાં રજત ચંદ્રક મેળવ્યો હતો.

# SEA - MIB

માહિતી અને પ્રસારણ મંત્રાલયના  વરિષ્ઠ આર્થિક સલાહકાર રબિન્દ્ર કુમાર જેનાએ આજે આકાશવાણી અમદાવાદની મુલાકાત લીધી. તેમણે સ્ટુડિયો, કંટ્રોલ રૂમ, આર્કાઇવ રૂમનું નિરીક્ષણ કર્યું. ત્યારબાદ તેમણે  આકાશવાણી, દુરદર્શન અને PIB ના અધિકારીઓ સાથે બેઠક યોજી. જેમાં તેઓએ  'સ્વચ્છતા હી સેવા ' અંતર્ગત કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરી. તેઓએ જણાવ્યું કે વિકસીત ભારત માટે સ્વચ્છતા અત્યંત જરૂરી છે. શ્રી જેનાએ આકાશવાણી પરિસરમાં  'એક પેડ માં કે નામ ' અંતર્ગત વૃક્ષારોપણ કર્યું.

# GUJARAT RAIN

રાજ્યમાં આજે 44 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો. જેમાં ખેડા જિલ્લાના નડીઆદમાં અઢી ઇંચ વરસાદ પડ્યો. માતર અને ખેડામાં પણ એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો. આ સાથે રાજ્યના 45 જળાશય હાઇએલર્ટ પર છે. જ્યારે સરદાર સરોવર ડેમ 96 ટકા ભરાયો છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ 113 ટકા સાથે રાજ્યમાં મોસમનો સરેરાશ 88 ટકા વરસાદ વરસ્યો છે. બીજી તરફ આગામી દિવસોમાં રાજ્યમાં ભારે વરસાદની નહિવત શક્યતા છે.

# SPECIAL TRAIN - SABARKANTHA

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં યોજાનાર ભાદરવી પૂનમ મેળા માટે અસારવા અને ખેડબ્રહ્મા વચ્ચે મેળા સ્પેશિયલ ટ્રેનની શરૂઆત થઈ છે. પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા અસારવા-ખેડબ્રહ્મા-અસારવા વચ્ચે આ વિશેષ મેળા ટ્રેનનું સંચાલન આજથી શરૂ કરી દેવામાં આવ્યું છે.

અસારવા-ખેડબ્રહ્મા સ્પેશિયલ આજથી 01 ઓક્ટોબર સુધી દરરોજ અસારવાથી સવારે 9 વાગેને 35 મિનિટે પ્રસ્થાન કરશે અને 12 વાગેને 10 મિનિટે ખેડબ્રહ્મા પહોંચશે. જ્યારે ખેડબ્રહ્મા-અસારવા સ્પેશિયલ આજથી 01 ઓક્ટોબર 2026 સુધી દરરોજ ખેડબ્રહ્માથી બપોરે 3 વાગેને 35 મિનિટે પ્રસ્થાન કરશે અને સાંજે 6 વાગેને 10 મિનિટે અસારવા પહોંચશે.